# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-03-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## PM-સાણંદ-સેમિકંડક્ટર પ્લાન :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાણંદમાં કેન્સ સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આ પ્લાન્ટમાં થનારું ઉત્પાદન સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સિધ્ધી છે. તેમણે કહ્યું કે આ સાણંદ પ્લાન્ટમાં ઉત્પાદિત ચિપ્સ અમેરિકા સુધી પહોંચશે. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે ભારત સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં અગ્રણી ખેલાડી તરીકે ઉભરી રહ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ-રીન્યુએબલ એનર્જી:

કેન્દ્ર સરકારના નવીન અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રાલય દ્વારા રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ મુજબ, રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં કચ્છ જિલ્લો દેશનું સૌથી મોટું અને અગ્રેસર હબ બનીને ઉભરી રહ્યો છે. સંસદમાં અપાયેલી માહિતી અનુસાર, 'ડેવલપમેન્ટ ઓફ સોલાર પાર્ક્સ એન્ડ અલ્ટ્રા-મેગા સોલાર પાવર પ્રોજેક્ટ્સ' સ્કીમ હેઠળ દેશભરમાં કુલ 54 સોલાર પાર્કને મંજૂરી આપવામાં આવી છે. જેમાંથી 7 ગુજરાતમાં છે, અને તેમાંથી 5 પ્રોજેક્ટ્સ એકલા કચ્છ જિલ્લામાં આકાર પામી રહ્યા છે જેની કુલ ક્ષમતા 10450 MW થાય છે.

સમગ્ર ભારતમાં મંજૂર થયેલા તમામ 54 પ્રોજેક્ટ્સમાં કચ્છનો ખાવડા RE Park 4750 MW ની ક્ષમતા સાથે દેશનો સૌથી મોટો સિંગલ સોલાર પાર્ક છે.

બીજા ક્રમે પણ કચ્છનો જ 'GSECL RE Park' આવે છે જેની ક્ષમતા 3325 MW છે.

---------------------------------------------------------------------------------------------

## ખડીર-નર્મદાના પાણીની યોજના:

પુર્વ કચ્છના ખડીર વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના પાણીનું વિતરણ કરવા અને સ્થાનિક તળાવોને પાઇપલાઇન નેટવર્કથી જોડવાના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ માટે 500.85 કરોડ રૂપિયાની રકમની વહીવટી મંજૂરી રાજ્ય સરકારના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા આપવામાં આવી છે.

આ કામગીરી કચ્છ સિંચાઈ વર્તુળ, ભુજ હેઠળ હાથ ધરાશે. નર્મદાના પૂરના વધારાના પાણીથી ખડીરના નાના-મોટા 194 તળાવ અને 6 સિંચાઇ યોજના ભરવા માટેના આ કામને ગત ઓક્ટોબર મહિનામાં સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ હતી તેની જાહેરાત થયા બાદ એજન્સી દ્વારા સર્વે કરાયો હતો અને હવે વહીવટી મંજૂરી અપાઈ છે.

આ યોજના હેઠળ સુવઈ સંપથી બાંભણકા અને ત્યાંથી ધોળાવીરા તેમજ અમરાપર સુધી પાણી પહોંચાડી આખા પંથકને જળબંબોળ કરવાનું આયોજન છે.

---

## DPA-158.6 MMT કાર્ગો હેન્ડલિંગ-1:

વૈશ્વિક સ્તરે ખાડી યુદ્ધના કારણે સર્જાયેલી સમુદ્રી પરિવહનની વિષમ પરિસ્થિતિઓ વચ્ચે પણ દેશના અગ્રેસર દીનદયાલ પોર્ટએ કાર્ગો હેન્ડલિંગમાં નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. વહાણવટા મંત્રાલય દ્વારા નિર્ધારિત 158.6 MMTનો લક્ષ્યાંક DPA એ 31 માર્ચ પહેલાં જ પ્રાપ્ત કરી લીધો છે.

---

## નાણાંકીય વર્ષનો અંતિમ દિવસ:

31 માર્ચ હિસાબી વર્ષનો અંતિમ દિવસ હોવાથી સરકારી કચેરીઓમાં ભારે કામગીરી જોવા મળી રહી છે.

આજે મહાવીર જયંતિની રજા હોવા છતાં સરકારી આર્થિક વ્યવહારોને ધ્યાનમાં રાખીને તિજોરી કચેરી, બેન્ક અને સંબંધિત વિભાગો કાર્યરત રાખવામાં આવ્યા હતા. જેમાં વિવિધ સરકારી વિભાગો દ્વારા બિલો રજૂ કરવામાં આવ્યા હતા અને બેંકિંગ વ્યવહારો પણ પૂરાં કરવામાં આવી રહ્યા છે. જોકે છેલ્લા લગભગ 15 દિવસથી જ આયોજન શરૂ થઈ જતાં 30 માર્ચ સુધીમાં 70થી 80 ટકા બિલો અગાઉથી જ રજૂ થઈ ચૂક્યા છે.

---

## ભુજમાં GST કચેરી:

ભુજ ખાતે વેપારીઓ અને કરદાતાઓ માટે જીએસટી નોંધણી પ્રક્રિયા હવે વધુ સરળ બનવા જઈ રહી છે. આવતીકાલ 1 એપ્રિલથી અઠવાડિયામાં મંગળવાર અને ગુરુવારના દિવસે વેપારીઓના બાયોમેટ્રિક્સ તેમજ પાનકાર્ડ, આધારકાર્ડ, ફોટોગ્રાફ સહિતના જરૂરી દસ્તાવેજોની ચકાસણી ભુજમાં બહુમાળી ભવન સ્થિત GST ઓફિસ ખાતે જ હાથ ધરાશે. અત્યાર સુધી આ પ્રક્રિયા માટે વેપારીઓને ગાંધીધામ જવું પડતું હતું.

જેના કારણે પશ્ચિમ કચ્છના ભુજ, માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત જેવા તાલુકાના વેપારીઓને મુશ્કેલી થતી હતી. હવે પડતર પ્રશ્નોના પણ સ્થાનિક સ્તરે નિરાકરણ થવાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ મજબૂતી મળશે.

---

## કચ્છ યુનિવર્સિટી:

કચ્છ યુનિ.ને 32 કાયમી પ્રોફેસર મળ્યા છે. તાજેતરમાં ઇન્ટરવ્યૂ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં 32 કાયમી પ્રોફેસરોની નિમણૂકને સત્તાવાર મંજૂરી અપાઈ છે.

5 પ્રોફેસર, 2 એસોસીએટ પ્રોફેસર અને 31 આસિસ્ટન્ટ પ્રોફેસર માટે અરજી મંગાવાઈ હતી જેની સામે 34 જગ્યાઓ માટે અરજી મળી હતી. જે પૈકી એક પ્રોફેસર અને 31 આસિ. પ્રોફેસરની જગ્યા ભરાઇ છે.

---

## વન વિભાગમાં બદલીઓ:

રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજ્યભરમાં પરિક્ષેત્ર વન અધિકારી RFO, વર્ગ-2 સંવર્ગના અધિકારીઓની મોટા પાયે બદલી અને નવી નિમણૂક કરવામાં આવી છે.

આ ફેરબદલમાં કચ્છ જિલ્લાના વન વિભાગના માળખામાં પણ મોટા ફેરફારો થયા છે. જીલ્લામાં વિવિધ આંતરિક બદલીઓ કરવામાં આવી છે.

આ સાથે જ કચ્છમાં લાંબા સમયથી ફરજ બજાવતા અનેક અધિકારીઓને રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ બદલી અપાઈ છે.

---

## મહાવીર જયંતી:

આજે સમગ્ર જિલ્લામાં જૈન સમાજ દ્વારા મહાવીર જયંતિની શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે.

ભુજમાં જૈનોના સાત સંઘ દ્વારા આજે રથ યાત્રાનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત જીવદયાની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાઈ હતું.

ગાંધીધામમાં સમસ્ત જૈન સમાજ દ્વારા છેલ્લા બે દિવસ થી વિવિધ સેવા કાર્યો અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા મહાવીર જયંતિની ઉજવણી કરવામા આવી રહી છે. આજે સવારે શોભાયાત્રા પણ યોજાઈ હતી.

જિલ્લાના અન્ય નગરો અને ગામોમાં તેમજ અબડાસા તાલુકાના જૈનપંથ તીર્થના ગામોમાં આ પર્વનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

---

# સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓની તૈયારીઓ:

રાજ્યની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મહાનગરપાલિકા અને નગરપાલિકાની ચૂંટણીની તારીખો જાહેર થવામાં છે તે વચ્ચે ભાજપ અને કોંગ્રેસ એમ બંને રાષ્ટ્રીય પક્ષોએ આંતરિક તૈયારીઓ સહિતની કવાયત શરૂ કરી દીધી છે.

ભાજપ દ્વારા ઉમેદવારો નક્કી કરવા જિલ્લા કક્ષાએ નિરીક્ષકો ચાર એપ્રિલ સુધી સેન્સ લેવાની પ્રક્રિયા પૂર્ણ કરશે. ત્યારબાદ તપાસણી અને નિર્ણય લેવામાં આવશે તથા ઉમેદવારોની યાદી જાહેર થશે. તો બીજી તરફ કોંગ્રેસ પક્ષના નિરીક્ષક કચ્છમાં આવી ગયા છે અને સેન્સ પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

---